# બનાસકાંઠા જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરી (તા.૦૮/૦૩/૨૦૨૧ થી તા.૧૪/૦૩/૨૦૨૧ સુધી)

(૧)

તા.૦૯/૦૩/૨૦૨૧ના કલાક.૨૪/૦૦ વાગે મોજે મિયાલ સીમ ગામે આ કામના તહોદાર સંજયજી રણછોડજી જાતે ઠાકોર રહે.વડા, ભાવાણી પાર્ટી, તા.કાંકરેજ, તથા અરવીંદજી જયંતીજી જાતે ઠાકોર રહે.કાકર, તા.કાંકરેજ વાળાએ પોતાના કબજા ભોગવટાના અલ્ટો ગાડી નંબર જી.જે.૦૮ બી.એસ.૨૦૯૦માં વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી બીયર તથા દારૂની કુલ બોટલો નંગ-૨૪૦ કુલ કિ.રૂા.૨૮,૭૪૦/-નો તથા અલ્ટો ગાડી ની કિ.રૂા.૧,૫૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન એક કિ.રૂ.૧૦૦૦/-તથા રોકડા રૂપિયા-૬૦૦/- એમ મળી કુલ મુદામાલ કિ.રૂા.૧,૮૦,૩૪૦/- નો મુદામાલ ભરી ગેરકાયદેસર રીતે ગુજરાત રાજયમાં ઘુસાડી હેરાફરી કરતા બીયર તથા દારૂ ભરેલ હાલતમાં અલ્ટો સહિતનો મુદામાલ સાથે પકડાઈ જઇ ગુનો કરેલ હોઇ થરાદ પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૫૦૨૦૨ પ્રોહી એક્ટ કલમ.૬૫(એ.ઇ),૧૧૬(બી), ૯૮(૨), ૯૯,૮૧ મુજબનો  ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૨)

તા.૧૩/૦૩/૨૦૨૧ ના કલાક.૧૫/૦૦ વાગે મોજે પાલનપુર સંજયચોકથી ગઠામણ દરવાજા તરફ જતા રોડ ઉપર સીફા હોસ્પીટલ સામે  આ કામના આરોપી (૧) સંજયભાઇ કેશાજી જાતે.દલવાડીયા (ઠાકોર) રહે.ગામ.ગઠામણ મફતપુરાવાસ તા.પાલનપુર (૨) જગુભાઇ ઠાકોર જેના પુરા નામ સરનામાની ખબર નથી મો.નં.૯૦૫૪૯ ૧૬૩૬૦ (૩) પ્રવિણભાઇ જેસુંગજી ઠાકોર રહે.કાણોદર તા.પાલનપુર મો.નં.૭૦૪૬૩૮૫૫૨૦ વાળાઓ પૈકી આરોપી નં ૧ વાળાએ પોતાના મોબાઇલ ફોનથી આરોપી નં.૨ વાળા પાસેથી આંકડાઓ મેળવી આરોપી નંબર ૩ નાઓના મોબાઇલ ફોન ઉપર આંકડાઓ લખાવી મોબાઇલ ફોન દ્વારા એકબીજાના મેળાપીપણામાં વરલી મટકાના આંક ફરકનો આંકડા મેળવી પૈસાની હારજીતનો જુગાર રમી રમાડતા આરોપી નં ૧ નાઓ પાસેથી મોબાઇલ નંગ.૦૧ કિ.રૂ.૨૦૦૦/- તથા રોકડ રૂ.૧૨૯૯૦/- એમ કુલ મુદ્દામાલ કિ.રૂ.૧૪૯૯૦/- ની સાથે આરોપી નં.૧ પકડાઇ જઇ તથા આરોપી નં.૨ તથા ૩ હાજર ન મળી આવી ગુનો કરેલ હોઇ પા.શહેર પુર્વ પો.સ્ટે. પાર્ટ બી ગુ.ર.નં.૧૧૧૯૫૦૩૪૨૧૦૧૧૨/૨૦૨૧ જુગારધારા કલમ ૧૨(અ) મુજબ નો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.